શ્રી નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્રસૂરિ શિષ્ય-આચાર્ય શ્રી પ્રદ્યુમ્નસૂરિ મહારાજની

# પાઠશાળા

પુસ્તક : ૭૨ ઑગસ્ટ : ૨૦૦૯

શ્રાવણ :વીર સં.૨૫૩૫ :વિ. સં. ૨૦૬૫




સાક્ષાત્કાર માટે જે ભાવિકો સાધના કરતાં હોય તેમણે એક જ મંત્ર, એક જ સ્તોત્ર અને એક જ ધ્યાનમૂર્તિ નિશ્ચિત રાખવા જોઈએ. એમ કરવાથી જ આપણું રક્ષણ થાય અને આપણી ફરતે સુરક્ષાના આવરણનો કિલ્લો રચાય.

— પ્રદ્યુમ્નસૂરિ

# एकोपासना फलवती बलवती च ॥

ગુજરાતીમાં એક કહેતી છે કે, ‘એક એક હાથના દસ ખાડા ખોદવાના બદલે દસ હાથનો એક ખાડો ખોદો તો પાણી તરત મળશે.’ આ કહેતીનો મર્મ બરાબર સમજીને આપણે આપણી કેટલીક ટેવો પર નજર નાખવાની છે.

ઘરના મંદિરમાં ઘણાં ભગવાનનાં ફોટા/પ્રતિમાજી રાખવાના બદલે એક જ પ્રભુ કે જેના પર આપણી શ્રદ્ધા અપાર હોય તે પ્રભુનો એક જ ફોટો(છબી) કે પ્રતિમાજી રાખીએ તો તેના દર્શન કરતાં તેમાં એકાગ્રતા આવે અને પ્રભુના સાક્ષાત દર્શન થાય. આવા સાક્ષાત્કાર માટે જે ભાવિકો સાધના કરતાં હોય તેમણે એક જ મંત્ર, એક જ સ્તોત્ર અને એક જ ધ્યાનમૂર્તિ નિશ્ચિત રાખવા જોઈએ. એમ કરવાથી જ આપણું રક્ષણ થાય અને આપણી ફરતે સુરક્ષાના આવરણનો કિલ્લો રચાય.

જાતિ સ્મરણ જ્ઞાનની બાબતમાં પણ એમ કહેવાયું છે તમારા આસન કે માળા જેવા ઉપકરણો કોઈ અન્યને ન આપવા. સ્વયં માટે એક જ આસન ને માળા રાખયા હોય તો કોઈ પણ જન્મમાં મળે તો તેના દર્શન કે સ્પર્શ માત્રથી પૂર્વ જન્મની સ્મૃતિ થઈ આવે...‘આ માળા મેં ક્યાંક જોયેલી છે... જોઈ છે !’ મનમાં એવો ઉહાપોહ થાય ને પૂર્વ જન્મનું જાતિસ્મરણ થઈ આવે. જે પ્રભુના દર્શનથી એકાગ્રતા આવી શકે તે પ્રતિમાનું આલંબન સમજુ સાધક રાખતા હોય છે.

માતા-પિતા એક જ હોય છે તે ન્યાયે ધર્મગુરુ પણ એક જ રાખવા. અન્ય સાધુ-સંતોની ભક્તિ જરૂર કરવી, વંદન નમસ્કાર કરવા પણ સમર્પણ તો એકને જ. અંતરંગ ઉઘાડ તો જ થઈ શકે, આ એક જ માર્ગ છે.

— પ્રદ્યુમ્નસૂરિ



एकोपासना फलवती बलवती च

# कर्मणो गहना गतिः ।।

વાત શ્રણિક રાજાની કરવી છે.

થોડી શાંતિથી વાંચશો.

મગધ સમ્રાટ શ્રેણિક મહારાજા માટે કરાવાસની - જેલની કલ્પના કોઈ કરી શકે ?

શ્રમણ ભગવાન મહાવીરના પ્રથમ હરોળના શ્રાવક. અનાથી મુનિ સાથેનો યાદગાર વાર્તાલાપ.

પ્રસેનજિત રાજા (પિતા)ના ૧૦૦ પુત્રોમાં શ્રેષ્ઠ બુદ્ધિશાળી પુત્ર.

પ્રભુ મહાવીરની દેશના સાંભળતા સાંભળતા તેમનો શ્રદ્ધાનો પિંડ બંધાયો હતો. દેવ-ગુરુ પ્રત્યેની કટ્ટર અને અસ્થિ-મજ્જા સુધી પરિણત થયેલી શ્રદ્ધા.

નો ડાઉટ ! તેને વિષયની પિપાસા જબરી હતી.

સ્ત્રીનું રૂપ ભાળે, નવું રૂપ ભાળે તેને પોતાનું કરવાની જીદ હતી.

પણ, શ્રદ્ધામાં પહેલો નંબર !

એ શ્રેણિક રાજાનો દીકરો, નામે કોણિક.

ચક્રવર્તી બાર થાય. તે થઈ ગયા હતા. બાકી કોણિકનું ચક્રવર્તી જેવું રૂપ હતું, એવી શક્તિ પણ હતી, પ્રગલ્લભતા પણ હતી. બધું જ સામર્થ્ય હતું. પણ તેર ચક્રવર્તી તો ન જ થાય.

પુત્ર કોણિકને પિતા શ્રેણિક સાથે ગત જન્મનો વૈરાનુબંધ તીવ્ર હતો. નિકાચિત હતો. ભોગવવો જ પડે. તે પણ પિતાજી સાથે પિતાજી દ્વારા જ તે કર્મનો ભોગવટો થાય.

આશ્ચર્ય તો એ વાતનું છે, માતા ચેલ્લણાને ખ્યાલ આવી ગયો હતો કે બાળકને પિતાજી પ્રત્યે વેર-અણગમો છે. કારણ કે કોણિક જ્યારે ગર્ભમાં હતો ત્યારે ગર્ભના પ્રભાવે રાક્ષસીને પણ ન થાય તેવો, પતિ શ્રેણિકનું કાળજુ ખાવાના દોહદ થયા હતા.

દોહદની આવી વાત કહેવાય કોને ?

સગર્ભા સ્ત્રીને દોહદ પૂર્ણ ન થાય તો શરીર સૂકાવા લાગે.

એ તો ભલું થજો મંત્રીશ્વર અભયકુમારનું અને એની બુદ્ધિનું કે એમની ઉચ્ચ બુદ્ધિમત્તાને પરિણામે તેમનો આવો દોહદ પૂરો થયો !

આગળ વધતાં પહેલાં આપણે મંત્રીશ્વરની કુનેહ જાણીએ.

---

૧૨ *ચક્રવર્તિ*– ૧-ભરતરાજા, ૨-સગરરાજા, ૩-મઘવારાજા, ૪-સનતરાજા, ૫-શાંતિનાથ ભગવાન, ૬-કુંથુનાથ ભગવાન, ૭-અરનાથ ભગવાન, ૮-સભૂમરાજા, ૯-મહાપદ્મરાજા, ૧૦-હરિષેણરાજા, ૧૧-જયરાજા, ૧૨-બ્રહ્મદત્તરાજા.

વાત એમ હતી કે જ્યારે કોણિક માતાના ગર્ભમાં હતા ત્યારે, ગર્ભના પ્રભાવે માતાને એવો દોહદ થયો કે પિતા શ્રેણિકના કાળજાનું માંસ ખાવું છે.

આવો દોહદ ઉચ્ચારાય કેમ ? ક્યાં જઈ આ ઈચ્છા પ્રગટ કરી શકાય ?

અધૂરી ઈચ્છાને કારણે શરીર સૂકાતું ગયું. વાત ધીરે ધીરે મંત્રીશ્વર અભયકુમારના કાને આવી. અભયકુમાર તો ઔત્પાતિકી, વૈનયિકી, કાર્મિકી અને પારિણામિકી એમ ચાર બુદ્ધિના નિધાન હતા.

દોહદ એટલે કે બાળક માતાની કુક્ષીમાં હોય ત્યારે તેના પ્રભાવથી માતાને થતી ઈચ્છાઓની અભિવ્યક્તિ. આ શબ્દની વ્યુત્પત્તિ द्वौहृदयौ यस्यां इच्छायां सा द्विहृदया અને ગુજરાતીમાં દોહદ થયું.

કુશળ મંત્રીશ્વરે કહ્યું કે આ દોહદ પૂરો થશે ! એ માટે યોજના કરી.

પિતા શ્રેણિક રાજાને સુવરાવવામાં આવ્યા.

એકદમ લાલ ગર્ભવાળું તડબૂચ મંગાવી તેનાં મોટા મોટા ચોસલા તેમની છાતી-પેટ પર ગોઠવી તેની ઉપર ચામડીના રંગ જેવું કપડું ઢાંકવામાં આવ્યું. ધીરે ધીરે ક્રમશઃ એ તરબૂચને કાપી કાપીને રાણી ચેલ્લણાને ખવરાવવામાં આવ્યું.

પૂરું તરબૂચ ખવાયું એટલે અભયકુમારે રાજાને કહ્યું કે હવે ઊભા થઈ જાવ, રાણીનો દોહદ પૂરો થયો છે.

પૂરણ માસે બાળકનો જન્મ થયો. ચેલ્લણાના મનમાં શ્રેણિક પ્રત્યે રાગ હતો. જે કાંઈ બન્યું હતું તેથી બાળક પર અભાવ થયો અને દાસીઓ દ્વારા પુત્રને ઉકરડે ત્યજવામાં આવ્યો.

પરંતુ રાજા શ્રેણિકને પોતાના પુત્ર પ્રત્યે અત્યંત રાગ હતો તેથી બાળકને પાછો મંગાવ્યો. બાળકની કૂણી આંગળીને ઉકરડાનાં કૂકડાએ ફોલી ખાધી હતી. પિતા શ્રેણિકે આંગળી મોંમાં રાખી હૂંફ આપી સાજી કરી હતી. આંગળીના ઘા તો રૂઝાયા પરંતુ તે આંગળી બુઠ્ઠી રહી.



બાળક કોણિક કહેવાયો.

કોણિક મોટો થયા પછી શ્રેણિકને કર્મ ઉદયમાં આવ્યા અને કોણિક રાજાએ પિતા શ્રેણિકને હાથ-પગમાં બેડી પહેરાવીને કેદમાં પૂર્યા. રાજા શ્રેણિક જેલમાં ને જેલમાં મૂઢની જેમ રહે છે.

રાણી ચેલ્લણાને શ્રેણિક એક પતિ તરીકે અત્યંત વહાલા હતા. એક દિવસ ચેલ્લણા કોણિક રાજાને જમાડતા હતા ત્યારે કહ્યું કે તારા પિતાને તારા ઉપર ઘણો સ્નેહ હતો.

એ બધી વાતો કરતાં એક પ્રસંગ પણ કહ્યો. તું સાવ નાનકો હતો ત્યારે તેઓના ખોળામાં બેઠો હતો અને તારા દ્વારા પેશાબ થઈ ગયો. ભોજનના થાળમાં પેશાબના ભાગને હાથ વડે અળગો કરીને જમી લીધું. આવા પ્રેમાળ પિતાજીને તેં કારાવાસ આપ્યો !

આવી એક એક વાતો સાંભળતાં કોણિકનું મન કૂણું થતું ગયું અને એક એવી ક્ષણ આવી કે પિતા પ્રત્યે સ્નેહ ઉપજ્યો. આવું અવિચારી કાર્ય થવાથી પોતાની જાત પર ધિક્કાર ઉપજ્યો. ઉતાવળે ને ઉતાવળે એક હથોડો મંગાવ્યો. તેના વડે પિતાની એક એક સાંકળ ભાંગી નાખું અને તેમને મુક્ત કરું એવા ભાવથી તે જેલ તરફ દોડ્યો.

વ્યથિત શ્રેણિકે પુત્રને આમ આવતો જોયો અને વિચાર્યું કે મને આવા કારાગારમાં નાખ્યાથી પણ સંતોષ નથી પામ્યો એટલે તે મને હથોડાથી મારવા આવી રહ્યો છે !

તે મને મારે અને હું મોતને શરણ થાઉં એની પહેલાં જ હું મરી જાઉં એવું વિચારી રાજાએ હાથની વીંટીમાંનો હીરો ચૂસી લીધો અને તત્ક્ષણ મૃત્યુ પામ્યા. કર્મનો પ્રભાવ કેટલો ગહન છે !

વિનાશ કાળે વિપરીત બુદ્ધિ તે આનું નામ. કર્મના પ્રભાવે મુક્ત કરવા આવેલા પુત્રને શ્રેણિકે કાળમુખો ધાર્યો.

આવી ઘટનામાં માત્ર કર્મ સિવાયની અન્ય કોઈ પણ કલ્પના ખોટી પુરવાર થાય.

— પ્રદ્યુમ્નસૂરિ

**અંક ૭૨ : *'પાઠશાળા '*** દ્વૈમાસિક **(ત્રણ વર્ષના રૂ. ૩૦૦/-) વધુ જાણકારી માટે નીચેના સ્થળોએ પણ સંપર્ક કરવો.**
સંદીપભાઈ શાહ, ૪૦૨-જય એપાર્ટમેન્ટ;૨૯-વસંતકુંજ સોસાયટી;શારદા મંદિર રોડ; પાલડી અમદાવાદ-૩૮૦૦૦૭ ફોન: ૨૬૬૩૪૦૩૭
જિતુભાઈ કાપડિયા, અજંતા પ્રિન્ટર્સ, સત્તર તાલુકા સો., ૧૨, લાભ કૉમ્પ્લેક્ષ, પોસ્ટ : નવજીવન, અમદાવાદ - ૩૮૦૦૧૪
ચિમનભાઈ દોશી, કાનમુર હાઉસ, ૨૮૧/૮૭, નરશી નાથા સ્ટ્રીટ, ભાત બજાર - મુંબઈ ફોન: ૨૫૦૬૫૯૯૮
વિજય દોશી, સી-૬૦૨, દત્તાણી નગર, બિલ્ડીંગ નં.૩, વિવેકાનંદ માર્ગ, બોરીવલી(પશ્ચિમ),મુંબઈ-૯૨ - ફોન: ૯૩૨૦૪ ૭૫૨૨૨
શરદભાઈ શાહ, વી.ટી. ઍપાર્ટમેન્ટ, કાળા નાળા, ભાવનગર - ૩૬૪ ૦૦૧ ફોન: ૨૪૨૬૭૯૭
પ્રદીપભાઈ શાહ ૧૪, સરોજ એપાર્ટમેન્ટ, ૭૯, દહાણુકરવાડી, કાંદીવલી(પશ્ચિમ), મુંબઈ-૬૭ - ફોન:૨૯૬૭૨૫૨૦
મુકુન્દભાઈ શાહ ૫૦૫/૫૦૬, 'બી' વીંગ, કૈલાસ, શ્રેયસ સિનેમા સામે, એલબીએસ માર્ગ, ઘાટકોપર (પશ્ચિમ) મુંબઈ-૮૬
ફોન: ૨૫૦૦૮૦૯૬, ૨૫૦૦૫૯૪૯, ૯૩૨૪૦૬૫૬૨૧

***વાચકમિત્રોને : 'પાઠશાળા'*** **દ્વૈમાસિક માટે ત્રણ વર્ષના લવાજમની રકમના રૂ.૩૦૦/- જેમણે ભર્યા છે તે બધા વાચકમિત્રોને વિનંતિ કે અમારી યાદી સંપૂર્ણ થઈ શકે તે માટે અમને રકમ ભર્યાની તારીખ પત્ર લખીને અવશ્ય જણાવે. આભાર.**

**email : ramesh_pathshala@yahoo.com** તથા **shahrameshb@gmail.com**
**'પાઠશાળા'ના અંકો એક સાથે ઈન્ટરનેટ બ્લોગ rameshshah.wordpress.com પરથી વાંચવા તથા પ્રિન્ટ કાઢવા મેળવી શકાશે; અત્યારે અંક ૪૧ થી અંક ૬૯ સુધીના ઉપલબ્ધ છે**

# અપરાધબોધથી અળગાં રહીએ

અફસોસ વૃત્તિની જેમ અપરાધવૃત્તિ મનોબળને નિર્બળ બનાવે છે, તેથી એવી વૃત્તિનું સેવન ન કરવું. આપણું મન જાત-ભાતની વૃત્તિઓનું બનેલું છે. એમાં યે શુભવૃત્તિ કરતાં અશુભવૃત્તિની સંખ્યા અનેક ઘણી છે.

આપણી મનોભૂમિમાં અશુભવૃત્તિના એ બીજને પાણી-ખાતર બરાબર મળી ગયા હોય તો આપણા ચિત્તમાં વિચાર રૂપે તે વ્યાપી જાય. વિકારના વિચારો ક્રોધ-કામ વગેરે વૃત્તિઓને પ્રોત્સાહન મળે એટલે તે અંકુરા કાઢે છે.

આ ભવમાં વિવેકની છાયા મળી છે તેથી ખ્યાલ આવે કે આવું ન વિચારાય તો પણ મને આવા નબળાં વિચારો કેમ આવ્યાં ! કેમ આવ્યાં ?

આમ અપરાધબોધનો ઉદય થાય છે.

પણ વિકારના ધસમસતા પૂર જેવા વિચારો, તે પછી તે બાબતનો પશ્ચાતાપ... વળી તેને ખાળવા શુભ વિચારોનું પૂર...પરિણામે અપરાધબોધ નિષ્પ્રાણ બની જાય છે.

આ અંગે પ્રસન્નચંદ્રમુનિનો પ્રસંગ ઘણું શીખવી જાય છે :

તેમના મનમાં યુદ્ધના વિચારોનું ઘમસાણ મચ્યું. ક્રોધવૃત્તિ પરાકાષ્ઠાએ પહોંચી. યુદ્ધભૂમિ પર 'મારું કે મરું'ના દ્વંદ્વથી ચિત્ત ઘેરાઈ ગયું. આ જ અવસ્થામાં ઠેઠ સાતમી નરકના દરવાજા સુધી પહોંચી જવાયું; પણ જેવો હાથ માથા પર ગયો ને વિચાર શૃંખલાની માળ તૂટી. મણકાં વેરાઈ ગયા...

...શુભ વિચારોના પારા પરોવાયા ! અરે ! શુભ વિચારોનું પૂર ફરી વળ્યું. અશુભ વિચારોનું ધોવાણ થયું જ થયું.

અને એમ શુભ વિચારોનું સામ્રાજ્ય એવું ફેલાયું કે ક્રમશઃ કેવળજ્ઞાન સુધીની ભૂમિકા આવી.

આમ અપરાધબોધથી ગભરાયા વિના શુભ વિચારોને તુર્ત નોંતરી, તેમાં રમમાણ બની જઈએ તો ક્ષોભને બદલે સમૃદ્ધિના સ્વામી બની રહીએ.

— પ્રદ્યુમ્નસૂરિ

---

## સુભાષિતમ્

પાત્રે ત્યાગી, ગુણે રાગી, ભોક્તા પરિજનૈઃ સમઃ।
શાસ્ત્રે બોદ્ધા, રણે યોદ્ધા, પુરુષ પંચ લક્ષણ॥

અવસર હોય અને સુપાત્ર મળે તો દાન આપવામાં અગ્રણી હોય; ગુણ જુએ ત્યાં રાગ કેળવે; જે કાંઈ ખાય પીએ તે પરિવારની સાથે જ; શાસ્ત્રની જાણકારી હોય; જરૂર પડે તો રણ મેદાનમાં લડવા પણ તૈયાર હોય. આ પાંચ લક્ષણવાળો પુરુષ હોય છે.

# વચનપાલન : વ્યક્તિત્વનો એકડો

વ્યક્તિત્વ વિકાસની વાતોમાં સજ્જન બનવાની વાત તો આવે જ આવે.

સજ્જન પુરૂષના લક્ષણોની યાદી શરૂ થાય તેમાં પહેલ પ્રથમ લક્ષણ આ આવે :

“બોલ્યું તેહવું પાળવું.”

જે વાત આપણને સ્વાધીન છે તેમાં સ્વયં શિસ્ત કેમ ન અપનાવીએ ? આપણે વચન બોલવા કે ન બોલવા તે માટે આપણને કોઈ ફરજ પાડતું નથી. જેવું બોલ્યા તેવું કરવાનો પૂર્ણ પ્રયત્ન કર્યો કે તમે ‘જન’ની કોટીમાંથી ‘સજ્જન’ની કોટીમાં પ્રવેશો છો.

તમે જોજો. વ્યાપાર વિશ્વમાં શેના આધારે લાખો-કરોડોના સોદા, મોટી મોટી રકમોની લેતી દેતી થાય છે. તમે કહેશો કે વિશ્વાસને આધારે. આવા વિશ્વાસને ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન થયેલા વિશ્વાસને ટકાઉ બનાવનાર છે આ વચન પાલન.

માણસે જો આ શાખ હાંસલ કરી તો અનેક લોકો તેના ભરોસે લાખો રૂપિયા, પોતાના કુટુંબકબીલાને તેના સહારે મૂકતાં અચકાતો નથી.

નીતિકારોએ તો વ્યક્તિના વચનપાલન ગુણનો સંબંધ છેક વંશ સુધી જોડી આપ્યો, પૂર્વજો સુધી જોડી આપ્યો. કહ્યું છે કે :

**वचने वंशपरीक्षा ।।**

તમે વચનપાલનમાં દૃઢ રહ્યા તો તમારો વંશ શુદ્ધ છે. કેટલાક વિચારકો માતા-પિતાના શીલને પણ પુત્ર-પુત્રીના વચનપાલ સાથે સાંકળે છે.

કાનમાં કીધા જેવી એક વાત કહું :

*આપણે તો બોલવામાં પૂરા કંજૂસ બનવાનું અને બોલેલું પાળવામાં પૂરેપૂરા ઉદાર રહેવાનું !*

ગાઈ બજાવીને જે બોલી જઈએ (Commitment) અને જ્યારે એ પાળવાનો સમય આવે ત્યારે ગલ્લાતલ્લા કરીએ તો આપણું અંતર-તેજ હીણું થાય છે. વચનશક્તિ અને વચનશુદ્ધિના અંશ ઘટે છે.

જૈન અર્હત પુરૂષોએ અણગારમાર્ગમાં ‘વર્તમાનજોગ’, ‘ક્ષેત્રસ્પર્શના’ --આ શબ્દો આપીને વ્રતપાલનમાં ઘણી સગવડ કરી આપી છે.

*જે બોલાય છે તે તો પાળવા માટે જ. જે પાળવાનું હોય તે જ બોલાય.*

આ એક જ ગુણ જો આપણી ઓળખ બને તો વ્યક્તિત્વનો વિકાસ હરણફાળ ભરે.

— પ્રદ્યુમ્નસૂરિ

# પુણ્યવંત સરદાર

રાજનગરમાં વંશપરંપરાગત નગરશેઠ થયા. નામ હેમાભાઈ.

પંડિત રૂપવિજયજી મહારાજે ૪૫ આગમની ૪૫ પૂજા રચી છે. તેમાં પ્રેરક તરીકે આ હેમાભાઈને ગણ્યા છે. રાજનગર=અમદાવાદમાં રાજા સરીખા ઓશવાળ જ્ઞાતિમાં શણગાર સ્વરૂપ પુણ્યવંત જેટલા જીવો છે તેમાં શિરદાર સ્વરૂપ શેઠ શ્રી હેમાભાઈ. તેઓ આગમ સાંભળે છે તથા કથિત ભાવોથી ભાવિત થાય છે. તેમાં કહેલી વાતોનો અમલ કરે છે. તેના આગ્રહથી મહારાજે પૂજા રચી છે :

રાજનગરમાં રાજ સમ<br>
ઓશ વંશ શણગાર<br>
શેઠ હેમાભાઈ ભલો<br>
પુણ્યવંત સરદાર.

આગમ સાંભળે આદરે<br>
શ્રદ્ધાવંત સુધીર<br>
તસ સમરણ કારણે<br>
પૂજા રચી ગંભીર.

હેમાભાઈ શેઠે ગિરિરાજ અને ગિરનારનો છ'રી પાળતો સંઘ કાઢેલો જેને ઊભી સોરઠનો સંઘ પણ કહેવાય છે જેમાં જ્યાં જ્યાં સંઘનો મુકામ હોય ત્યાં ત્યાં ધર્મશાળા બંધાવતા.

આજે પણ ૧૫૦ વર્ષ પછી ફેદરામાં ગુંદીમાં અને ખાસ તો જૂનાગઢમાં અત્યારે ઉતરવાની જે જગ્યા છે તેને હેમાભાઈની ધર્મશાળા (જગમલ ચોક : જૂનાગઢ) કહેવાય છે તેનો દાખલો હાલ પણ મોજૂદ છે.

તેમના વંશ વારસમાં આજે પણ આનંદભાઈ, વિનોદભાઈ વગેરે છે. કાળ પ્રમાણે ઘણું બધું બદલાયું છે.

સિદ્ધગિરિ પર હેમાભાઈની ટૂંક છે તે જ આ હેમાભાઈ નગરશેઠ. આ ટૂંક બંધાવનાર તેમના પુત્ર પ્રેમાભાઈ છે.

— પ્રદ્યુમ્નસૂરિ



સિદ્ધગિરિ પર પાંચમી હેમાભાઈની ટૂંક

# મનુષ્ય ભવનું પ્રયોજન : ભોગ કે યોગ ?

મનુષ્ય ભવ ઘણાં પુણ્યથી મળે છે તે વિધાન બધાં જ ધર્મોએ સ્વીકાર્યું છે. ધાર્મિકતામાં જ મનુષ્ય જીવનની સાર્થકતા છે. ધાર્મિકતાનો અસલી મિજાજ ભોગમાં ખોટનો સ્વીકાર કરે છે.

બધા ધર્મોએ પ્રવૃત્તિના પરિવર્તનમાં ધર્મ માન્યો છે અને ત્યાં જ અટક્યાં છે. જ્યારે અર્હત્ ધર્મે પ્રવૃતિના પરિવર્તનને પણ સાધન માની વૃત્તિના પરિવર્તનને સાધ્ય માન્યું.

પ્રવૃત્તિના પરિવર્તનને પહેલો પડાવ માન્યો. જે સાધ્ય છે તે વૃત્તિનું પરિવર્તન તે અર્હત્‌નાં વચનોનાં સહારે કરવાનું છે. જેમકે, ક્રોધ છે તે વૃત્તિ છે, તેને જ્ઞાનનાં બળે જીતવાનો છે. એ પ્રમાણે જે જે આત્માથી અલગ અલગ જે પદાર્થો છે તેની શુભતા દેખાય છે તે અશુભ પર્યવસાયી છે. તેનો અંત - પરિણામ અશુભ જ હોય છે માટે આત્માથી ઈતર જે પદાર્થ છે તેના ઉપર રાગ-દ્વેષ કરવાના નથી. ત્યાંના પ્રસંગોમાં દષ્ટભાવ અને શ્રોતાભાવ કેળવવાનો છે.

યોગ એટલે આત્માનું પરમાત્મા સાથે જોડાણ.

॥ अयं हि परमोयोगो यद् योगेनात्म दर्शनम् ॥

--આ જ પરમ યોગ છે કે જે યોગથી આત્મદર્શન થાય.

મનુષ્ય ભવનું પ્રયોજન આ છે. દરેક ભવમાં જે કર્યું છે, કરતાં આવ્યા છીએ એ જ આ ભવમાં કરવું તે અ-પૂર્વ નથી પરંતુ કોઈ ભવમાં ન કર્યું હોય તે આ ભવમાં કરવું તે અ-પૂર્વ કહેવાય.

આવું અપૂર્વ આપણે આ ભવમાં કરવાનું છે,
એના માટે જ જન્મ છે.

— પ્રદ્યુમ્નસૂરિ



બર્માના વિખ્યાત કલાકાર 'યુ બા ક્યી'ની ભાવવાહી કૃતિ

ઘડપણ, બિમારી, મૃત્યુના દર્શન માત્રથી સંસારની અસારતા જાણી ગૃહત્યાગ કરતા ગૌતમ(બુદ્ધ)

# ।। नमोऽर्हत् सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः ।।

**જિજ્ઞાસા :** ઘણા સમયથી એક પ્રશ્ન મનમાં ઘોળાયા કરે છે. પૂછવાનું યાદ આવે ત્યારે અમે દુકાનમાં હોઈએ છીએ અને ઉપાશ્રયમાં હોઈએ ત્યારે સાધુ મહારાજ સામે હોય તો પણ યાદ ન આવે.

મનમાં થયું કે સાધુ મહારાજને જ પૂછાવીએ.

પ્રશ્ન એ છે કે, नमोऽर्हत् सिद्धाचार्योपाध्याय सर्व साधुभ्यः । એ પંક્તિના રચયિતા કોણ ? સામાન્ય રીતે સિદ્ધસેન દિવાકર સૂરિનું નામ છે એમ મનાય છે. વળી સાધ્વીજી મહારાજ અને શ્રાવિકા બહેનો આ પંક્તિ બોલતા નથી. મારો આ પ્રશ્ન આપ સમજ્યા હશો. જો આના રચયિતા સિદ્ધસેન દિવાકરજી કૃત स एकः परात्मा गतिर्मे जिनेन्द्रः । મારા મોટા બહેન નિયમિત બોલે છે. તો આ કેમ નહીં ?

**ઉત્તર :** તમારો પ્રશ્ન મુદ્દાનો છે. વાત એમ છે કે સિદ્ધસેન દિવાકરજી દ્વારા એ લીટી સંઘમાં પ્રચલિત બની. બાકી તો પૂર્વ ગ્રંથોનું તે મંગળ છે. પૂર્વ ગ્રંથો બધા સંસ્કૃતમાં છે.

સિદ્ધસેન દિવાકર મહારાજે શ્રી સંઘને કહ્યું કે જે રીતે નવકારને સંક્ષેપમાં અને સંસ્કૃતમાં છે તે રીતે હું બધાં સૂત્રોને સંસ્કૃતમાં રચી આપું.

પરંતુ તે પ્રસ્તાવનું પરિણામ એ આવ્યું કે, 'આપને આ વિચાર આવ્યો તેનું આપ પ્રાયશ્ચિત કરો'

હીર પ્રશ્નમાં પૃષ્ઠ ૩૪ ઉપર પણ પં. નગર્ષિના શિષ્યના પ્રશ્નના જવાબમાં જગદ્‌ગુરુએ લખ્યું છે કે આ નવકારનો સંક્ષેપમાં સંસ્કૃતમાં (બધાં જ પૂર્વ ગ્રંથો સંસ્કૃતમાં જ છે) પૂર્વ ગ્રંથગત છે.' માટે જ બહેનો બોલતા નથી.

અરિહંતનું સંસ્કૃત રૂપ અર્હત્ થાય છે તે મહત્ત્વનું છે. જો અર્થમાં અરિહંતૃત્વ હોય તો સંસ્કૃતમાં આ રૂપ ન થાય, માટે અર્હત્ પદ શુદ્ધ છે અને સાચું છે.

---

## सुभाषितम्

दातृत्वं प्रिय वक्तृत्वं, धैर्यं च उचितज्ञता।
अभ्यासान्नैव लभ्यंते, चत्वारि सहजा गुणाः ।।

અર્થ : દાનીપણું, પ્રિય ભાષકપણું, ધીરજ અને ક્યારે શું ઉચિત છે તેની જાણકારી, આ ચાર સ્વાભાવિક જ હોય છે, જન્મજાત હોય છે. કેળવવાથી તે ગુણો આવતા નથી પણ સહજ જ હોય છે.

# કાર્યસિદ્ધિનું પ્રથમ કારણ સત્ત્વ છે

પરમાર્હત્ કુમારપાળ રાજાના નામનો પરિચય ગુજરાતને કરાવવાનો ન હોય, એ કુમારપાળ રાજાની આ વાત છે.

અર્ણોરાજને જીતવાના સતત પ્રયત્ન કરવા છતાં તે જીતાતા નથી. કુમારપાળ રાજાને રાજ્યનો લોભ કે લાલસા નથી, પણ આ તો ક્ષાત્રવટથી શોભતા પૌરૂષનો પડકાર છે. રાજા સજ્જન તો છે જ સાથે દઢ મનોબળની ભૂમિમાંથી નીપજતો સંકલ્પ પણ હતો. અગીયારમી વાર જીતવા નીકળ્યા છે. રાજા હતા. ક્ષત્રિય હતા. ક્ષત્રિયને પરાભવની પીછાણ નથી હોતી. એ એનું સત્ત્વ છે.

મંત્રીશ્વર ઉદયનના પુત્ર બાહડ પાસે હૃદય ઠાલવ્યું. અર્ણોરાજને જીતવાના ઉપાય પૂછ્યા. અફર સફળતાને વરે એવો ઉપાય બાહડે બતાવ્યો.

સારો દિવસ અને સારા શુકન જોઈને પ્રયાણ થયું. મજલ લાંબી હતી. ક્યાં ઉત્તર ગુજરાતનું પાટણ અને ક્યાં રાજસ્થાનનું અજમેર ! છતાં દડમજલ કરતાં કાફલો નજીકમાં પહોંચ્યો. ત્યાં...

...ત્યાં એવું તે શું થયું કે કુમારપાળ રાજાનો હાથી પાછાં પગલાં ભરવા લાગ્યો ! રાજાની હસ્તીશાળાનો આગલી હરોળનો આ ઉમદા હાથી પાછો કેમ પડે ? ક્ષણવાર તો રાજા ચોંક્યાં. વફાદાર મહાવતને કારણ પૂછ્યું. મહાવતે કહ્યું કે આપણાં જ કેટલાક સેનાધિપતિ અર્ણોરાજના સૈન્યમાં ભળી ગયા છે અને તેઓ ‘સિંહનાદ’ કરે છે. આપણો હાથી સિંહનાદથી પાછો પડે છે તેની જાણ તેઓને છે. તેથી આવું થયું છે.

કુમારપાળે ક્ષત્રિય મિજાજમાં જ મહાવતને પૂછ્યું : ‘તું તો વફાદાર છે ને !’

મહાવતે અદબથી માથું હલાવ્યું. હાથી ઉપર ઉભા થઈને રાજાએ તલવાર વડે પોતાના બહુમૂલ્ય ખેસના બે ટુકડા કરીને હાથીનાં બન્ને કાનમાં ખોસી દીધાં. હવે સિંહનાદનો અવાજ સંભળાતો બંધ થયો. મહાવતને રાજાએ કહ્યું : ‘ચલાવો આગળ.’ અને રણરંગ હાથી પવનપાવડી થઈઆગળ ધપવા લાગ્યો.

સામેના શત્રુ-સેનાની સમીપ જઈને મરણીયા થઈને ઝૂઝ્યા. શત્રુ રાજા અર્ણોરાજ ચોતરફથી ઘેરાઈને ઝબ્બે થયો.

અર્ણોરાજના ગળા ઉપર ભાલાની અણી અડાડીને રાજા કુમારપાળ બોલ્યા : ‘તને પરલોક મોકલવા માટે મારે આટલી જ વાર છે. છતાં હું તને મારતો નથી. તું મારો બનેવી છે એટલે નહીં પરંતુ હું જીવદયા પ્રતિપાલક છું માટે તને જીવતો જવા દઉં છું. અને અર્ણોરાજને ખંડિયા રાજા તરીકે જાહેર કર્યો.

સત્ત્વ એ કેવું ઉમદા પરિબળ છે તેનો પરિચય આપણને મળે છે.

રાજા કુમારપાળની સત્તા નીચે અઢાર દેશ હતા. તેના પર તેમનું પ્રભુત્વ હતું તે પૈકીનો એક દેશ તે આ. તેનો રાજા અર્ણોરાજ.

વિજયની વરમાળ પહેરીને રાજા પાટણ પધાર્યા ત્યારે રાજ્યની સમગ્ર પ્રજાએ ઉલ્લાસની છોળોથી ઉત્સવ કર્યો હતો.

— પ્રદ્યુમ્નસૂરિ



# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનનો છંદ

પાસ શંખેશ્વરા સાર કર સેવકા, દેવ ! કાં એવડી વાર લાગે;
કોડી કર જોડી દરબાર આગે ખડા, ઠાકુર ચાકુરા માન માગે.
પાસ શંખેશ્વરા-૧

પ્રગટ થા પાસજી મેલી પડદો પરો, મોડ અસુરાણને આપ છોડો;
મુજ મહીરાણ મંજૂષમાં પેસીને, ખલકના નાથજી બંધ ખોલો.
પાસ શંખેશ્વરા-૨

જગતમાં દેવ ! જગદીશ ! તું જાગતો, એમ શું આજ જિનરાજ ઊંઘે ?
મોટા દાનેશ્વરી તેહને દાખીએ, દાન દે જેહ જગ કાલ મોંઘે.
પાસ શંખેશ્વરા-૩

ભીડ પડી જાદવા જોર લાગી જરા, તત્ક્ષણ ત્રિકમે તુજ સંભાર્યો,
પ્રગટી પાતાલથી પલકમાં તેં પ્રભુ, ભક્તજન તેહનો ભય નિવાર્યો.
પાસ શંખેશ્વરા-૪

આદિ અનાદિ અરિહંત તું એક છે, દીન દયાળ છે કોણ દૂજો ?
ઉદયરત્ન કહે પ્રગટ પ્રભુ પાસજી, પામી ભય ભંજનો એહ પૂજો.
પાસ શંખેશ્વરા-૫



શંખેશ્વર ! કેવું મધમીઠું નામ છે !

સંસ્કાર અને માન્યતા પ્રમાણે મનોવાંછિત પૂર્ણ કરવામાં એક નંબર !

આ વાત છેલ્લા ૩૦૦ વર્ષથી ચાલી આવે છે.

જરાસંઘે મૂકેલી જરા વિદ્યાનો પ્રભાવ પ્રભુ પ્રતિમાના ન્હવણજળથી દૂર થયો, નહીંતર પોતે ત્રણ ખંડના માલિક હતા.

એ શંખેશ્વર તીર્થની યાત્રાએ સંઘ સાથે ઉપાધયાય શ્રી ઉદયરત્નજી મહારાજ પધાર્યા હતા. એ સમયે અહીંયા તો મુંડકાવેરો ચાલે. શ્રી ઉદયરત્ન મહારાજને આ ખટક્યું. 'પ્રભુના દર્શન-વંદન કરવા માટે મુંડકો (૧ દોકડો) શેનો આપવાનો ? એ ક્ષણોએ જ ઊભા ઊભા અંતરના ઊંડાણમાંથી આ શબ્દો ઉદ્‌ભવ્યા. શબ્દોએ ભાવનો સાક્ષાત્કાર કર્યો અને મંજૂષા (પેટી)માં ભગવાન હતા તે કમાડ ઉઘડ્યા !

તેઓ દિવસ-રાત પ્રભુના ધ્યાનમાં જ રહેતા હશે માટે ચોથી કડીમાં જરા વિદ્યા વાળી અનુકુળ સૈન્યની વાત લાવ્યા.

આ ઘટના ઘણી મશહૂર અને પ્રભાવનું કેન્દ્ર બની રહી.

પાંચમી કડી જેવી પૂરી થઈ કે તુર્ત જ મંજૂષાના કમાડ ખૂલ્યાં !

# શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનું સ્તવન

(રાગ - તાર મુજ તાર મુજ)

સાર કર સાર સ્વામી શંખેશ્વરા,
વિશ્વ વિખ્યાત એકાંત આવો;
જગતના નાથ મુજ હાથ ઝાલી કરી,
આજ કિમ કાજમાં વાર લાવો ?
સાર કર-૧

હૃદય મુજ રંજણો શત્રુ દુઃખ ભંજણો,
ઈષ્ટ પરમિષ્ટ મોહે તુંહિ સાચો;
ખલક ખિજમત કરે વિપત્તિ સમે ખિણ ભરે,
નવિ રહે તાસ અભિલાષ કાચો.
સાર કર-૨

યાદવા રણજણે રામ કેશવ રણે,
જામ લાગી જરા નિંદ સોતી;
સ્વામી શંખેશ્વરા ચરણજલ પામીને,
યાદવાની જરા જાય રોતી.
સાર કર-૩

આજ જિનરાજ ! ઊંઘે કિશ્યું ? આ સમે,
જાગ મહારાજ ! સેવક પનોતા;
સુબુદ્ધિ મઘે ટલે દ્યુતેં દોલત હરે,
વીર હાકે રિપુવૃંદ રોતા.
સાર કર-૪

કાલ મોંઘે અશન શીતકાલે વસન,
શ્રમ સુખાસન રણે ઉદક દાઈ;
સુગુણનર સાંભરે વિસરે નહિ કદા,
પાસજી તું સદા છે સખાઈ.
સાર કર-૫

દાસ છું જન્મના પુરીયે કામના,
ધ્યાનથી માસ દશ દોય વીત્યા;
વિકટ સંકટ હરો નિકટ નયણાં કરો,
તો અમે શત્રુ નૃપતિકું જીત્યા.
સાર કર-૬

માત તું તાત તું ભ્રાત તું દેવ તું,
દેવ દુનિયામાં દૂજો ન વહાલો;
શ્રી શુભવીર જગ જીત ડંકો કરી,
નાથજી નેક નયણે નિહાલો.
સાર કર-૭

બીજી ઘટના શુભવીર મહારાજની બની છે, તે સાત કડીમાં છે.

છંદ અને સ્તવન સમજાય તેવા સરળ છે. માત્ર તેમાં જે રહસ્ય હોય તે ખોલવા પૂરતું લખવું જરૂરી લાગે છે.

છઠ્ઠી કડીમાં તેઓ લખે છે કે બાર મહિના ધ્યાન કર્યું, હવે તો કૃપા કરો !

સુબુદ્ધિ મદ્યપાનથી દૂર થાય છે (હણાય છે) એ વાતથી આગળ સાત ઉપમા આપે છે.

પોતે કૃતજ્ઞ જણ છે. આપ દર્શન આપો હું ક્યારે પણ નહીં ભૂલું.

માત તમે, પિતા તમે છો.

સર્વ સમર્પણ કર્યા પછી યાચના કરે છે.



# માસતુસ મુનિનો પ્રસંગ



નામ તો હશે જ. પણ છેલ્લા વરસથી મારુષ માતુષ ગોખતા હતા તેથી તેમનું નામ જ માસતુસ મુનિ પડી ગયું હતું. વાત આમ હતી.

તેઓ ઉત્તરાધ્યયન સૂત્રના જોગની આરાધના કરતા હતા. તેમાં ચોથું અધ્યયન આવ્યું. તેમાં માત્ર ૧૩ ગાથા છે. ૭ ૭ મહિના પ્રયત્ન કર્યા તો પણ એ અધ્યયનની પહેલી ગાથા પણ ન આવડી !

ગુરુ મહારાજે કરુણા કરી.

સકલ સૂત્રના સારરૂપ, રાગ-દ્વેષ ન કરવાનો જેમાં સંદેશ છે તે માત્ર 'મારુષ, માતુષ' પદ ગોખી લાવવાનું આપ્યું તે પણ શુદ્ધ ન બોલાયું.

'મારુષ, માતુષ'ને બદલે 'માસતુષ' બોલાઈ જાય.

તેમની પાસેથી જે મુનિ પસાર થાય તે તરત જ ટોકે કે આમ ન બોલાય.

તરત જ તેઓ 'મિચ્છામિદુક્કડં' કહી ખમાવતા.

ત્રણચાર વાર ઠીક બોલાય. પાછું માસતુષ થઈ જાય.

વળી કોઈ મુનિ ત્યાંથી પસાર થાય.

તેઓ આવું અશુદ્ધ સાંભળી એને ટોકે.

વળી 'મિચ્છામિદુક્કડં'

ફરી ત્રણચાર વાર શુદ્ધ બોલાય. પછી એનું એ.

...આમ માન કષાયની મંદતાના કારણે મોહનીય કર્મ તૂટતું જાય.

પણ જ્ઞાનાવરણીય કર્મ એવું જબ્બર કે આ ૬ અક્ષર બરાબર ન બોલાય !

પણ, માનકષાય ગયું કે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

— પ્રદ્યુમ્નસૂરિ


✤✤✤ 'પાઠશાળા' ના આ અંકના સૌજન્યનો સાભાર સ્વીકાર ✤✤✤

સૌજન્ય દાતા : શ્રી નીતાબહેન પંકજભાઈ ઝવેરી

અશોક નગર - કાંદીવલી (પૂર્વ) - મુંબાઈ

પાઠશાળા
પુસ્તક : ૭૨

પ્રકાશક : બાપાલાલ મનસુખલાલ શાહ ટ્રસ્ટ વતી, રમેશ શાહ (સંપાદક)
૭૦૩, નૂતન નિવાસ,ભટાર માર્ગ, સુરત : ૩૯૫ ૦૦૧
Phone: (0261)2240733 & 3054748 Mo: 94271 52203